RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 143, Dt.31-08-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘મફત’ આપવાના વચનોએ રાજ્યોને કંગાળ બનાવ્યા

## રેવડી પોલિટિક્સ ખતરનાક સાબિત થયુંઃ માત્ર હિમાચલ પ્રદેશ જ નહિ દેશના મોટાભાગના રાજ્યો દેવાના ડુંગર હેઠળ દબાયા :તિજોરી ખાલીખમ : માર્ચ ૨૦૨૪ સુધી રાજ્ય સરકારો ઉપર કુલ ૭૫ લાખ કરોડનું દેવું હતું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પર્વતોથી ઘેરાયેલા હિમાચલ પ્રદેશમાં દેવાનો ડુંગર વધી રહ્યો છે. આર્થિક તંદુરસ્તી એટલી કથળી રહી છે કે મુખ્યમંત્રી, મંત્રીઓ, મુખ્ય સંસદીય સચિવો અને કોર્પોરેશનના ચેરમેન બોર્ડ આગામી બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં લે. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ ગુરુવારે કહ્યું કે રાજયની આર્થિક સ્થિતિ સારી નથી, તેથી તેઓ અને તેમના મંત્રીઓ બે મહિના માટે પગાર અને ભથ્થાં છોડી રહ્યા છે.

હિમાચલમાં લગભગ અઢી વર્ષ પહેલા સત્તામાં આવેલી કોંગ્રેસ સરકાર સતત દેવાના બોજમાં ડૂબી રહી છે. હિમાચલની આર્થિક કટોકટી માટે સરકાર દ્વારા જે નમફતથનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તેને જવાબદાર ગણવામાં આવે છે. અઢી વર્ષ પહેલા યોજાયેલી વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસે અનેક મફત યોજનાઓનું વચન આપ્યું હતું. જયારે સરકાર બની ત્યારે આ વચનો પૂરા કરવામાં આવ્યા, જેનાથી દેવું વધુ વધ્યું.

રિઝર્વ બેંકના રિપોર્ટ અનુસાર, હિમાચલમાં કોંગ્રેસ સત્તામાં આવી તે પહેલા માર્ચ ૨૦૨૨ સુધી ૬૯ હજાર કરોડ રૂપિયાથી ઓછી લોન હતી. પરંતુ તેઓ સત્તામાં આવ્યા બાદ માર્ચ ૨૦૨૪ સુધીમાં ૮૬,૬૦૦ કરોડથી વધુનું દેવું હતું. માર્ચ ૨૦૨૫ સુધીમાં હિમાચલ સરકારનું દેવું વધીને લગભગ ૯૫ હજાર કરોડ રૂપિયા થઈ જશે.

કોંગ્રેસે ૨૦૨૨ની ચૂંટણીમાં સત્તામાં પાછા ફરવા માટે ઘણા મોટા વચનો આપ્યા હતા. સરકારમાં આવ્યા બાદ આ વચનો પાછળ જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે. હિમાચલ સરકારના બજેટનો ૪૦ ટકા પગાર અને પેન્શન ચૂકવવામાં ખર્ચવામાં આવે છે. લગભગ ૨૦ ટકા લોન અને વ્યાજની ચુકવણીમાં ખર્ચવામાં આવે છે.



સુખુ સરકાર મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા આપે છે, જેના પર વાર્ષિક ૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. અહીં જૂની પેન્શન યોજના પણ લાગુ કરવામાં આવી છે, જેના કારણે ખર્ચમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે. જયારે મફત વીજળી પાછળ વાર્ષિક ૧૮ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. સરકાર આ ત્રણેય યોજનાઓ પર અંદાજે ૨૦ હજાર કરોડ રૂપિયા ખર્ચી રહી છે.

હિમાચલ સરકારને વધુ એક આંચકો ત્યારે લાગ્યો જયારે કેન્દ્ર સરકારે લોન લેવાની મર્યાદામાં વધુ ઘટાડો કર્યો. અગાઉ હિમાચલ સરકાર તેની જીડીપીના ૫ ટકા સુધીની લોન લઈ શકતી હતી. પરંતુ હવે તે માત્ર ૩.૫ ટકા સુધીની લોન લઈ શકશે. એટલે કે, અગાઉ રાજય સરકાર ૧૪,૫૦૦ કરોડ રૂપિયા સુધીનું ઉધાર લઈ શકતી હતી, પરંતુ હવે તે માત્ર ૯ હજાર કરોડ રૂપિયા જ ઉધાર લઈ શકે છે.

આરબીઆઈનો રિપોર્ટ દર્શાવે છે કે હિમાચલનું દેવું પાંચ વર્ષમાં ૩૦ હજાર કરોડ રૂપિયા વધી ગયું છે. હાલમાં ૮૬ હજાર કરોડ રૂપિયાથી વધુનું દેવું છે. હિમાચલમાં દરેક વ્યક્તિ પર ૧.૧૭ લાખ રૂપિયાનું દેવું છે.બે મહિનાનો પગાર કંઈ કરશે ? હિમાચલમાં જો મુખ્યમંત્રી, મંત્રી અને સંસદીય સચિવ બે મહિના સુધી પગાર અને ભથ્થાં નહીં લે તો બહુ ફરક નહીં પડે. આ તો નઊંટના મોઢામાં જીરૂંથ ની વાત હશે.

# ગુજરાતમાં કાલથી મેઘરાજા ફરી દર્શન દેશેઃ ઓરેન્જ એલર્ટ

## હવામાન વિભાગી આગાહીઃ કાલથી દક્ષિણ ગુજરાત તથા ત્યારબાદ મધ્યભાગો અને ભાવનગર સુધીના જીલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શકયતા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

સળંગ ચાર દિવસ સુધી અનરાધાર વરસાદના તાંડવ બાદ હવે ચોમાસું સીસ્ટમ સક્રિય થયાની માન્યતા હોય તો ભુલ ગણાશે કારણ કે બે દિવસમાં નવી સીસ્ટમ હેઠળ રાજયમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ જશે. હવામાન વિભાગે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવા સાથે ઓરેન્જ એલર્ટ ઈસ્યુ કર્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે ૧લી સપ્ટેમ્બરથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે.બંગાળની ખાડીમાં લો-પ્રેસર સીસ્ટમ બની છે તે વેલમાર્ક લો-પ્રેસર સીસ્ટમમાં પરિવર્તિત થવા સાથે વધુ મજબુત બનશે ગુજરાત તરફ ગતિ રહેવા સાથે તે રાજયમાં વરસાદ વરસાવશે. રવિવાર-સોમવારથી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે.

રીપોર્ટ અનુસાર રવિવારે દક્ષિણ ગુજરાતના નવસારી તથા વલસાડ માટે ભારે વરસાદ થવાની સંભાવના છે. જયારે સોમવારે વડોદરા તથા છોટા ઉદેપુરમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. મંગળવારે આણંદ, પંચમહાલ,દાહોદ, ભરૂચ, ભાવનગર તથા નર્મદા જીલ્લામાં તથા બુધવારે ભરૂચ અને નર્મદા જીલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આવતા ચાર દિવસ મુખ્યત્વે દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં એકમાત્ર ભાવનગર નિશાન બની શકે છે. ત્યારબાદ વરસાદી ગતિ-વ્યાપ તથા અન્ય પરિબળો ઉમેરાય છે કે કેમ તેના પર વરસાદનો આધાર રહી શકે છે.



હવામાન નિષ્ણાંતોએ એમ પણ જણાવ્યુ છે કે મંગળવાર આસપાસ વધુ પરિબળો ઉમેરાય તેમ છે અને તે સંજોગોમાં વરસાદનો વ્યાપ વધી શકે છે.

બીજી તરફ ગુજરાતમાં મેઘતાંડવ સર્જનાર ડીપ ડીપ્રેશન કચ્છના કાંઠેથી મેઘતાંડવ સર્જનાર ડીપ ડીપ્રેશન કચ્છનાં કાંઠેથી દરીયામાં ઉતરી ગયુ છે આસન વાવાઝોડામાં પરિવર્તીત થઈને પ્રતિ કલાક ૬ કીમીની ઝડપે પશ્ચિમી ઉતર પશ્ચિમ તરફ આગળ ધપી રહ્યું છે.

હજુ બે દિવસ ભારતથી દુર જતુ જશે. નલીયાથી ૧૦૦ કીમી તથા કરાંચીથી ૧૭૦ કીમી દુર હતુ તે પાક તરફ આગળ જાય છે. જોકે દરીયામાં જ તે નબળુ પડી જવાનું અનુમાન છે.દરમ્યાન હવામાન વિભાગની વડી કચેરી દ્વારા પણ ગુજરાત ઉપરાંત હરીયાણા કાશ્મીર હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, બિહાર, મધ્ય પ્રદેશમાં પણ વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

# ન્યાયપાલિકાએ કટોકટીમાં પણ બંધારણની રક્ષા કરી સુપ્રીમકોર્ટના ૭૫ વર્ષ પૂરાં થતાં પીએમ મોદીનું નિવેદન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતની સુપ્રીમ કોર્ટની સ્થાપનાના ૭૫ વર્ષ પૂરાં થવાના અવસરે ટિકિટ અને સિક્કાનું અનાવરણ કરવાની સાથે કહ્યું કે સુપ્રીમ કોર્ટના ૭૫ વર્ષ પૂરાં કરવા તે કોઈ એક સંસ્થાની સફર નથી પણ આ યાત્રા છે ભારતના બંધારણ અને તેના બંધારણીય મૂલ્યોની. ભારત લોકોએ ક્યારેય સુપ્રીમ કોર્ટ, આપણી ન્યાયપાલિકામાં વિશ્વાસ નથી ગુમાવ્યો એટલા માટે સુપ્રીમ કોર્ટના આ ૭૫ વર્ષ મધર ઓફ ડેમોક્રસી ભારતના ગૌરવને આગળ વધારે છે. દેશ બંધારણની ૭૫મી વર્ષગાંઠ મનાવી રહ્યું છે એટલા માટે આ અવસરમાં પણ ગર્વ અને પ્રેરણા પણ છે.

પીએમ મોદીએ આગળ કહ્યું કે સુપ્રીમ કોર્ટે ઈમરજન્સીના કાળા દિવસોમાં મૌલિક અધિકારો અને રાષ્ટ્રીય હિત સંબંધિત મુદ્દાઓ અંગે રાષ્ટ્રીય એકતા જાળવી રાખી હતી. આઝાદીના અમૃતકાળમાં ૧૪૦ દેશવાસીઓનું એક જ સપનું છે - વિકસિત ભારત, નવું ભારત. નવું ભારત એટલે કે વિચાર અને સંકલ્પથી એક આધુનિક ભારત. આપણી ન્યાયપાલિકા આ વિઝનનો એક મજબૂત સ્તંભ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણા લોકતંત્રમાં ન્યાયપાલિકા બંધારણની સંરક્ષક મનાય છે. તે પોતાનામાં જ એક મોટી જવાબદારી છે. આપણે સંતોષ સાથે કહી શકીએ કે આપણી



સુપ્રીમ કોર્ટ, આપણી ન્યાયપાલિકાએ આ જવાબદારીનું ખૂબ જ શ્રેષ્ઠ રીતે નિર્વહન કર્યું છે. આઝાદી બાદ ન્યાયપાલિકાએ ન્યાયની ભાવનાની રક્ષા કરી. જ્યારે જ્યારે દેશની સુરક્ષાનો સવાલ ઊભો થયો તો ન્યાયપાલિકાએ રાષ્ટ્રહિત સર્વોપરી રાખી ભારતની એકતાની સુરક્ષા કરી.

# અનાજ - કઠોળ મોંઘા બનતા ફુગાવો બેકાબુ

■ **બે વર્ષમાં તુવેરદાળમાં પ્રતિકિલો રૂ.૬૫ નો સૌથી મોટો ભાવ વધારો**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાદ્યચીજોમાં સતત ભાવવધારાને કારણે ફુગાવો કાબુમાં આવી શકતો નથી પરીણામે કેન્દ્ર સરકાર પણ ચિંતીત છે જયારે છેલ્લા બે વર્ષમાં સૌથી મોટો ભાવ વધારો તુવેરદાળમાં નોંધાયો હતો અન્ય તમામ કઠોળ પણ આ સમય ગાળામાં મોંઘા થયા છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા ઓગસ્ટ મહિનામાં ખાદ્યચીજોનાં ભાવોનુ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેના રીપોર્ટમાં ચોખા-કઠોળના ભાવમાં વધારો હોવાનું સુચવાયુ છે.

ચોખામાં પ્રતિકિલો રૂા.૮ નો વધારો માલુમ પડયો છે. ગત વર્ષની સરખામણીએ ૮.૧ ટકાનો ભાવ વધારો છે અને આજ કારણોસર સરકારે ખુલ્લા બજારમાં રૂા.૨૩૨૫ ના ભાવે ઘઉં તથા ૨૮૦૦ રૂપિયા પ્રતિ કવીન્ટલના ભાવે ચોખા વેચવાની મંજુરી આપી છે.

સરકારે ખરીદ સિઝન ૨૦૨૩-૨૪ ના ૫૨૪ લાખ ટન ચોખાની ખરીદી કરી હતી જે આગલા વર્ષ કરતાં આઠ ટકા ઓછી હતી. જોકે જુલાઈ સુધી સરકાર પાસે ૪૭૩ લાખ ટનનો ચોખાનો સ્ટોક હતો તે આગલા વર્ષે કરતા ૨૧ ટકા વધુ હતો.

સરકાર પાસે ઘઉંનો સ્ટોક ૨૭૬ લાખ ટન હતો.કઠોળમાં ડીમાંડ સામે સપ્લાય ઓછી રહી હોવાના કારણોસર ભાવમાં અસર જોવા મળી હતી. ચણામાં મબલખ ઉત્પાદન હતુ છતાં ભાવ તેજી તરફી હતા.જોકે અન્ય કઠોળ કરતાં તેજી પ્રમાણમાં ઓછી હતી. ઓગસ્ટ ૨૦૨૨ ની સરખામણીએ ઓગસ્ટ ૨૦૨૪ માં ચોખા-કઠોળ ઘણા મોંઘા થયા હતા. તેમાં સૌથી વધુ પ્રતિકલિ રૂા.૬૫ નો ભાવ વધારો તુવેરદાળમાં હતો.



તુવેરનાં ભાવ ઓગસ્ટ ૨૦૨૨ માં ૧૦૫ હતો તે હવે ૧૭૦ રહ્યો છે. અડદનો ભાવ ૧૦૫ વાળો ૧૧૫, મગદાળનો ભાવ ૯૮ વાળો ૧૧૦ થયો છે. ચણાદાળમાં સરેરાશ ૧૦ રૂપિયાનો ઉછાળો છે.ચોખાના ભાવ પ્રતિકિલો રૂા.૩૬ વાળા ૪૪ તથા ઘઉંના ભાવ પ્રતિકિલો રૂા.૨૯ થી વધીને રૂા.૩૨ થયા છે.

# ટ્રમ્પની સુરક્ષામાં ફરી ચૂકઃ રેલી દરમ્યાન અજાણ્યો શખ્સ ઘુસતા અફડાતફડી મચી

## ટ્રમ્પે ઘટનાને હળવાશથી લઈ કહ્યું - શું મારી રેલીથી વધુ મઝા બીજે કયાંય આવી શકે છે

**મુખ્ય સમાચાર, પેન્સિલવેનિયા**

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકારણમાં ગરમાવો છે ત્યારે રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની સુરક્ષામાં ફરી વખત ચુક બહાર આવી છે. ટ્રમ્પની રેલીમાં જબરજસ્તીથી એક શખ્સ મીડીયા એરિયામાં ઘૂસી આવ્યો હતો.આ શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે.

આ અંગેની વિગત એવી છે કે, પેન્સિલવેનિયાનાં જોનટાઉનમાં રેલી દરમ્યાન ટ્રમ્પ કેટલાંક મીડીયા સમુહોને તેમની વિરૂધ્ધ પક્ષપાતી વલણને લઈને ખરી-ખોટી સંભળાવી રહ્યા હતા.

આ દરમ્યાન સાઈકલ રેકમાં સવાર થઈને મીડીયા એરિયામાં પહોંચી ગયો હતો અને મંચની સામેની જગ્યામાં ચડવાની કોશીશ કરતો હતો જયાં મીડીયાનાં કેમેરા અને ટીવી રિપોર્ટરો હોય છે શખ્સની આ હરકત જોઈ ત્યાં હાજર લોકોએ તેને નીચે ઘસડયો હતો. આ દરમ્યાન પોલીસ અધિકારીઓએ શખ્સને કાબુમાં કરવા ટેઝર (શોક આપતી બંદુક)થી વાર કર્યો હતો.

બાદમાં પોલીસે શખ્સને ઝડપીને શહેરની બહાર લઈ ગઈ હતી. રસપ્રદ બાબત એ છે કે આ



ઘટનાને ટ્રમ્પે હળવાશથી લઈને વિનોદ કર્યો હતો. શું મારી રેલીથી બીજી મજા બીજે કયાંય આવી શકે છે.

શખ્સને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે જોકે આ ઘટના બાદ ટ્રમ્પની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે.

# અમદાવાદ મનપા વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં ૨૧૫ PIL છતાં તંત્ર સુધરતું જ નથી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

મેગાસીટી, સ્માર્ટસીટીના બિરુદ અમદાવાદને અપાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પ્રાથમિક સુવિધા મેળવવા લોકોએ કાયદાની મદદ લેવી પડી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ ૨૧૫ જાહેરહીતની થયેલી અરજી પૈકી રોડ,ગટર અને પાણી જેવી બાબત માટે ૧૧૫ જાહેર હીતની અરજી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટની અનેક વખત ફટકાર પછી પણ મ્યુનિ.તંત્ર સુધરતુ જ નથી.

અમદાવાદમાં ખરાબ રસ્તાની બાબત હોય,રખડતા પશુઓની સમસ્યા હોય કે પછી ટ્રાફિક વિષયની બાબત હોય. આ પ્રકારની તમામ બાબતોને લઈ ગુજરાત હાઈકોર્ટ તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધિત



વિભાગના અધિકારીઓને કડક કાર્યવાહી કરવા વખતોવખત આદેશ આપેલા છે. આમ છતાં હાલમાં પણ રખડતા ઢોર, ટ્રાફિકની સમસ્યા, રોડ ઉપર પડેલા ખાડા જેવી અન્ય બાબતને લઈ શહેરીજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.

વિપક્ષનેતાએ કરેલા આક્ષેપ મુજબ,મ્યુનિસિપલ વહીવટીતંત્ર અને સત્તાધીશો દ્વારા કરવામાં આવતા મનસ્વી વહીવટના કારણે પ્રાથમિક સુવિધાનું સ્તર સતત કથળતું રહ્યું છે. શહેરીજનોને રોડ,ગટર તથા પાણી જેવી પ્રાથમિક સુવિધા મેળવવા માટે પણ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરવી પડી છે. શહેરીજનો નિયમિત રીતે તમામ કરવેરા ભરતા હોવાછતાં તંત્ર કે શાસકપક્ષ સારી પ્રાથમિક સુવિધા આપવા મામલે પણ સદંતર નિષ્ફળ સાબિત થઈ રહયુ છે.

# ઈન્ડિયા આઉટનો નારો આપનાર મુઈજ્જુએ માલદીવને ડૂબાડી દીધું

**મુખ્ય સમાચાર, માલદીવ**

ચીન-સમર્થક મોહમ્મદ મુઈજ્જુની નીતિઓને કારણે પ્રવાસી સ્વર્ગ કહેવામાં આવતાં માલદિવ એક મોટી આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યું છે. વૈશ્વિક રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સે માલદીવનું ક્રેડિટ રેટિંગ અગાઉના ઈઈઈ+ થી ડાઉનગ્રેડ કરીને ઈઈ+ કર્યું છે. બે મહિનામાં બીજી વખત તેનું રેટિંગ ડાઉનગ્રેડ કર્યા પછી માલદીવના બોન્ડમાં ઘટાડો થયો છે, જેના કારણે ડિફોલ્ટનું જોખમ વધી ગયું છે.

ગ્લોબલ ક્રેડિટ રેટિંગ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, માલદીવનું લાંબા ગાળાના વિદેશી ચલણ જારી ડિફોલ્ટ રેટિંગને ઈઈ માં ડાઉનગ્રેડ કરવામાં આવ્યું છે. એજન્સીએ જણાવ્યું છે કે, તે સામાન્ય રીતે ઈઈઈ+ અથવા તેનાથી નીચું રેટિંગ ધરાવતા દેશો માટે આઉટલુક પ્રદાન કરતું નથી.

માલદીવની ચોખ્ખી વિદેશી હૂંડિયામણ અનામત જુલાઈમાં ૫૦ મિલિયન ડોલરથી નીચે આવી ગઈ હતી જયારે ગ્રોસ રિઝર્વ ૪૦૦ મિલિયન ડોલરથી નીચે આવી ગયું હતું. આ મહિને ૫૦૦ મિલિયન ડોલર કરતાં ઓછું હતું. આ વર્ષે ચીન અને રશિયાના પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હોવા છતાં, માલદીવની આયાત પર ભારે નિર્ભરતા અને ડોલર સામે રૂફિયામાં ઘટાડાથી ભંડાર પર પ્રેશર વધાર્યુ છે.

દેશના સૌથી મોટા ધિરાણકર્તા, બેંક ઓફ માલ્ટાએ ગયાં અઠવાડિયે દેશના ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ પર વિદેશી ચલણ ખર્ચની મર્યાદા લાદી હતી. માલદીવ



મોનેટરી ઓથોરિટીની સૂચનાઓ પર તે જ દિવસે નિર્ણયને રદ કરવામાં આવ્યો હતો.

માલદીવની સરકાર ૩.૫ બિલિયન ડોલરના દેવાનો સામનો કરી રહી છે, જેનો મોટો હિસ્સો ચીનની બેંકો પાસેથી લેવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ મુઈજ્જુએ ચૂંટણી દરમિયાન ભારત અભિયાન ચલાવીને ભારત વિરોધી ભાવનાઓ ભડકાવી હતી. રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમણે ચીન સાથેની નિકટતા વધારી હતી. આ છતાં, ચૂંટણીમાં રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ દ્વારા દેવાના પુનર્ગઠન માટેની ચીનની માંગને નકારી કાઢવામાં આવી હતી.

આર્થિક સંકટથી ઘેરાયેલા મુઈજ્જુ ભારત તરફ નજર કરી રહ્યાં છે. તેને ભારતની સાથે સાથે ચીન પાસેથી પણ બેલઆઉટની અપીલ કરી હતી. માલેની વિનંતી પર, ભારતે માલદીવને લોનની ચુકવણી માટે રાહત આપી છે.

માલદીવના રાષ્ટ્રપતિ મુઈજ્જુએ જુલાઈમાં કહ્યું હતું કે તેમની સરકાર ડોલરની અછતને ઓછી કરવા માટે ચલણ નિયમન અંગે ભારત અને ચીન સાથે વાત કરી રહી છે.ફિચે કહ્યું છે કે, આ કરન્સી સ્વેપ બાહ્ય વિલીન થવાના દબાણને ઘટાડી શકે છે. જો કે, તે સાકાર થશે કે નહીં તે અનિશ્ચિત છે. એજન્સીએ જણાવ્યું હતું કે આ દેવું કદાચ આઈએમએફ અથવા અન્ય બહુપક્ષીય દાતાઓના સમર્થન પર નિર્ભર રહેશે.

# રાજકોટમાં રોગચાળો અટકાવવા ૭૦૦ આરોગ્ય ટીમો મેદાને

## વિવિધ ગામોમાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ રાજકોટના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા જળવાય તેમજ રોગચાળો ન ફેલાય તે માટે આજથી આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ૭૦૦ આરોગ્ય ટીમો દ્વારા રાજકોટ જિલ્લાની રોજની ૩.૫ લાખ લોકોનું આરોગ્ય સર્વેલન્સ, જાહેર આરોગ્યની જાળવણી સબબ ક્લોરિનેશન કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટેના પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આ સઘન ઝુંબેશમાં ૫ દિવસમાં સમગ્ર રાજકોટ જિલ્લાની ૧૫ લાખથી વધુની જનતાને આવરી લેવામાં આવશે. જેમાં આરોગ્ય ટીમો દ્વારા ઘરે-ઘરે આરોગ્ય સર્વેલન્સ સાથે મચ્છરોના નિયંત્રણ માટે પાણી ભરાયેલ ખાબોચિયાં વગેરેમાં એબેટ નાખવાની કામગીરી, ડસ્ટિંગ તેમજ ઘરે-ઘરે ક્લોરીન ટેબલેટ વિતરણની કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં છેલ્લા ૪ દિવસમાં થયેલ અતિવૃષ્ટિ બાદ પાણી ઓસરતા તુરંત જ જાહેર આરોગ્યની સુખાકારી માટે આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



રાજકોટ જિલ્લામાં સતત વરસી રહેલા અનરાધાર વરસાદનું જોર ઘટ્યું છે. જિલ્લામાં ભારે વરસાદને કારણે રાહત અને બચાવ કામગીરી મિશન મોડમાં ચાલી રહી છે. સાથે-સાથે વરસાદે વિરામ લેતા રોગચાળો ફેલાવાના સંભવિત જોખમ સામે અગમચેતીના ભાગરૂપે તંત્ર આવશ્યક પગલાં લઈ રહ્યું છે. જેના ભાગરૂપે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પેઢલા, પોલારપર, ગઢાળીયા સહિતના વિવિધ ગામોમાં ક્લોરીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં આ કામગીરી કરવામાં આવતા પાણીજન્ય રોગચાળાને અટકાવી શકાશે.

# હે પિતૃદેવ કૃપા વરસાવજો : મહિલાઓ દ્વારા આજથી પાણી રેડવાનો પ્રારંભ : ભાદરવી અમાસે પુરૂષો પાણી રેડી પિતૃઓને તૃપ્ત કરશે




પિતૃઓને પાણી રેડવાના દિવસોનો આજથી પ્રારંભ થયો છે. આખો શ્રાવણ માસ શિવજીની ભક્તિ કર્યા બાદ હવે શ્રાવણના વિરામ સમયે પિતૃતર્પણ કરીને ભાવિકો ધન્યતા અનુભવશે. અમાસ નિમિતે પિતૃ દેવને પાણી અર્પણ કરવાની પ્રથા આપણે ત્યાં પ્રચલિત છે. અમાસ પૂર્વેના પહેલા બે દિવસ મહીલાઓ પીપળે પાણી રેડવા જાય છે. જયારે પુરૂષો અમાસના એક દિવસે પાણી રેડી પિતૃ તર્પણ કરે છે. બહેનો માટે આજથી પિતૃ તર્પણના દિવસો શરૂ થતા જ પીપળો, વડલો, ધ્રોખડ, તુલસી જેવા પવિત્ર વૃક્ષોને પાણી રેડી પિતૃ તર્પણ કરાયુ તે સમયની તસ્વીરો નજરે પડે છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા સદસ્યતા અભિયાન અંતર્ગત સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટની નિમણુક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશના માન.યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાનનો શુભારંભ થયેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪માં સદસ્યતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાર્ટી માટે સદસ્યતા અભિયાન એ માત્ર જનસંપર્ક અભિયાન નથી, આ અભિયાનને વધુમાં વધુ લોકોને પાર્ટીની વિચારધારામાં જોડવાનો છે. આ કારણે પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં પ્રચંડ જીત હાંસલ કરી, તેનો તેના દ્વારા ભાજપા આજે વિશ્વની સૌથી મોટી લોક્તાંત્રિક પાર્ટી બનવામાં સફળ રહી હતી.



આ સદસ્યતા અભિયાન અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા આ અભિયાનના ઈન્ચાર્જ તરીકે ડી.ડી.ચુડાસમા તથા સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટ, શ્રી વિપુલભાઈ બારોટની નિમણુક કરવામાં આવી છે.

શ્રી વિજયભાઈ કોરાટ હાલ પ્રદેશ કિસાન મોરચાના મંત્રીશ્રી તરીકે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. તેઓ દેવદ્વારકા અને જુનાગઢ શહેર અને જીલ્લાના કિસાન મોરચાના પ્રભારી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.

શ્રી વિજયભાઈ કોરાટે ગત સદસ્યતા અભિયાનમાં વ્યક્તિગત ૧૧૫૦૦ જેટલા સદસ્યોની નોંધણી કરી હતી, જે અભૂતપૂર્વ કામગીરીને પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ હોદેદારો દ્વારા અભિનંદન આપી બિરદાવવામાં આવી હતી. વધુમાં, ગત વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં શ્રી વિજયભાઈ કોરાટ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી હતી તેમજ તેમણે પ્રદેશ કિસાન મોરચાના વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જ તરીકે સફળતાપૂર્વકની કામગીરી કરી છે. જેમાં ખાટલા બેઠક, ગ્રામસુરાજ્ય અભિયાન, જનજાગરણ અભિયાન જેવા પ્રદેશ દ્વારા આપવામાં આવેલ અનેક કાર્યક્રમોમાં ઈન્ચાર્જ તરીકેની સફળ કામગીરી કરી છે ત્યારે વિજયભાઈ કોરાટ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરીને ધ્યાને લઈને પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા તા.રથી શરુ થતું સદસ્યતા અભિયાનના પ્રદેશના સહ-ઈન્ચાર્જ તરીકે વિજયભાઈ કોરાટને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

# આજથી દેરાવાસી તથા રવિવારથી સ્થાનકવાસી જૈનોના પર્યુષણ પર્વનો પ્રારંભ

## અટ્ઠાઈ ઘરથી આઠ દિવસ જૈનો મહાવીરમય બનશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માએ જૈન આગમોમાં ભાદરવા સુદ પાંચમ સંવત્સરીના દિવસને વિશેષ પ્રાધાન્ય આપેલું છે,પરંતુ મહા પુરુષોએ આગળના સાત દિવસ સંવત્સરીની ભૂમિકારૂપ ધર્મમય માહોલ બનાવવા માટે તેમજ ધર્મ પ્રેમીઓ વધારેમાં વધારે સમય ધાર્મિક,અનુષ્ઠાનો, પ્રાર્થના, પ્રવચન, પૌષધ,પ્રતિક્રમણ,તપ - જપ કરી ધર્મ ધ્યાનમાં સતત રત રહે તે હેતુથી આઠ દિવસ પર્યુષણ પર્વની પરંપરા ચાલુ કરેલ છે. મનોજ ડેલીવાળા જણાવે છે કે પર્યુષણ પર્વને જૈનો પર્વનો રાજા ગણે છે.જેવી રીતે કોઈ વિદ્યાર્થી આખુ વર્ષ મહેનત કરે અને પરીક્ષાના સમયે આઠ દિવસ પેપર બરાબર આપે તો તેનું વર્ષ સફળ થઈ જાય છે.તેવી જ રીતે દરેક જીવાત્મા માટે આ આઠ દિવસ આત્માની પરીક્ષાના દિવસો સમાન છે.

વર્ષ દરમ્યાન જાણતા - અજાણતા જે કર્મો બંધાઈ ગયા હોય તેને યાદ કરી ઉપકારી પૂ.સંત - સતિજીઓ,ગુરુ ભગવંતો પાસે પોતાના આત્માની સાક્ષીએ કર્મોની આલોચના,ગર્હા કરી,પ્રાયશ્ચિત લઈ તપ - ત્યાગ કરીને કર્મો ખપાવવાના શ્રેષ્ઠ દિવસો રહેલા છે. આગળના સાત દિવસ એટલે આત્મ સાધનનાના દિવસ અને સંવત્સરીનો દિવસ એટલે સિધ્ધીનો દિવસ.જ્ઞાની ભગવંતો કહે છે આઠ દિવસ પોતાના આત્માનું ચેકીંગ કરી આલોચના,પ્રતિક્રમણ કરી જગતના સર્વે જીવાત્માને ખરા અંત : કરણપૂર્વક ખમાવી આત્માને શાંત અને સ્વસ્થ કરીને વર્ધમાન પરીણામનું લક્ષ રાખવા આ પર્યુષણ પર્વના મહાન અને પવિત્ર દિવસો રહેલાં છે.

**સંકલન: મનોજ ડેલીવાળા**

# સહજ આનંદ એ જ સાચું સુખ, અને સાચું સુખ મળે છે માત્ર ને માત્ર કર્મયોગના જ્ઞાનથી: ડો. મિશ્રા



પૈસા થી માણસ સારું જમવાનું ખરીદી શકે છે પણ ભૂખ નહિ,સારી પથારી ખરીદી શકે છે પણ ઊંઘ નહિ, પૈસા થી માણસ આજે માણસ ને પણ ખરીદી શકે છે પણ પ્રેમ નહિ. માણસ પૈસા થી સારા કપડાં પહેરી ને પોતાનો દેખાવ તો બદલી શકે છે પણ મન નહિ. પરંતુ જો માણસ પાસે કર્મયોગ નું જ્ઞાન હસે તો માણસ માટે ભૂખ,ઊંઘ,પ્રેમ અને નિર્મળ મન બધું જ મેળવવું સહજ અને સરળ બની જશે.. રાજકોટ ના કર્મયોગ મંદિર માં દર રવિવારે સવારે ૭.૪૦ થી ૮.૨૦ સુધી કર્મજ્ઞાન નું લેક્ચર હશદય રહે છે, આ રવિવારે એટલે કે ૧ સપ્ટેમ્બરે ૨૦૨૪ ના કર્મ ગયાન લેકચર નો વિષય આ પ્રકારે છે. આપણા જીવનમાં જે કાશ રહિ જાય છે...એ જ આપણને જીવન દરમ્યાન પરેશાન કરે છે.કર્મ ગયાન સમઝી અને આ કાશ થી મુક્ત થઈયે અને કઈક કરી બતાવી એ એવું કે દુનિયા કરવા ઇચ્છે તમારા જેવુ હ્યવધારે જાણકારી માટે તથા નિઃશુલ્ક(ફ્રી) કર્મજ્ઞાન ગ્રુપ માં જોડાવા માટે કર્મયોગી ડો. રાજીવ મિશ્રા ને - whatsapp મોબાઈલ નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ પર સંપર્ક કરો

# જૈન ભાજપ અગ્રણી મયુર શાહની પુત્રી રાજવી ની વધુ એક સિધ્ધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



જૈન અગ્રણી અને શ્રી પંચનાથ હોસ્પીટલ ના સેક્ટરી મયુર શાહ ની સુપુત્રી રાજવી શાહે કંપની સેક્રેટરી ની ફાઈનલ પરિક્ષા પાસ કરી સી.એસ. ની ડીગ્રી હાંસીલ કરી વધુ એક સિધ્ધી મેળવી છે. આ પહેલા ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી માં થી બી કોમ, એલ એલ બી (કોર્પોરેટ લો) ની ડીગ્રી મેળવી હાલ ભારત ની નંબર ૧ કંપની અદાણી માં જોબ કરી રહી છે. ૨૦૧૭ માં માતા મીતાબેન નું છત્ર ગુમાવ્યા પછી તેની બહેન કિંજલ અને પિતા મયુરભાઈ એ સતત રાજવી ને મોટીવેટ કરી તેની આ સિધ્ધી માં સહભાગી બન્યા છે.

# યુનીવર્સીટી રોડ પર આરએમસી કવાર્ટરમાં માતાની હત્યા કરનાર કળયુગનો શ્રવણ ઝડપાયો

## માતાએ છરી પકડી લેતા, ધાબળાથી ટૂંપો દઈ હત્યા નીપજાવ્યાની કપાતર હત્યારા પુત્રની કબુલાત, આરોપીના મિત્રએ કરી અંતિમવિધિ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના યુનીવર્સીટી રોડ ઉપર આવેલ આરએમસી ક્વાટરમાં રહેતી મહિલાની હત્યા કરનાર પૂત્રને લેશમાત્ર અફસોસ નથી ગત સવારે માનસિક અસ્થિર માતા ઉપર છરીથી હુમલો કર્યો હતો પરંતુ માતાએ છરી પકડી લેતા ધાબળાથી ટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધાની સનસનીખેજ કબૂલાત આપતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી મૃતકના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડી દેતા આરોપીના મિત્રએ અંતિમવિધિ કરી હતી હત્યારો પૂત્ર જન્મ દેનાર જનેતાનું છેલ્લી વખત મોં પણ જોઈ શક્યો ન હતો આરોપીને આજે કોર્ટમાં રજુ કરવામાં આવશે.

રાજકોટના ભગતસીહ ગાર્ડન પાસે આવેલ ક્વાટરમાં રહેતા જ્યોતિબેન જસવંતગર ગોસાઈની તેના જ પૂત્ર નીલેશએ ટૂંપો દઈ હત્યા નિપજાવ્યાની ઘટનામાં પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો કે ઓળખ કરવાની ના પાડી દેતા સરકાર પક્ષે યુનીવર્સીટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિહ ઝાલાએ ફરિયાદી બની હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી આ અંગે એસીપી રાધિકા ભારાઈએ વિગતો આપતા જણાવ્યું હતું કે માનસિક અસ્થિર માતાના તોફાનથી તે થાકી ગયો હતો ગત સવારે ફરી માતા માથાકૂટ કરતા હોય ગુસ્સે ભરાયેલા નીલેશે માતા ઉપર છરીથી હુમલો કર્યો હતો પરંતુ માતાએ છરી પકડી લેતા આવેશમાં આવેલા પૂત્રએ





નજીકમાં પડેલા ધાબળાથી માતાને ગળેટૂંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા હતા બાદમાં સ્ટેટ્સમાં સોરરી મોમ લખી મિત્ર ભરતને બનાવ અંગે જાણ કરી હતી તે પછી મિત્રએ કંટ્રોલમાં જાણ કરતા પોલીસ દોડી ગઈ હતી અને આરોપીની ધરપકડ કરી હતી.

વધુમાં એસીપીએ જણાવ્યું હતું કે મૃતકના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવા ઈનકાર કરી દીધો હોય અને હત્યારો પૂત્ર કસ્ટડીમાં હોય જેથી પોલીસે મૃતદેહ તેના મિત્ર ભરતભાઈને સોપ્યો હતો તેણે અંતિમવિધિ કરી હતી ગૂનામાં ઉપયોગમાં લેવાયેલ ધાબળો સહિતના પૂરાવા એકત્ર થઈ ગયા હોય આજે આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર અને પૂર્વ કાર્યકારી કુલપતિ પ્રો. જયદિપસિંહ ડોડિયાનો આવતીકાલે જન્મદિવસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કાર્યકારી કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક જગતમાં લોકપ્રિય અગ્રણી પ્રો. જયદિપસિંહ ડોડિયા તેમની જીવન યાત્રાના ૬૦ વર્ષ પુરા કરી આવતીકાલે તા. ૧/૯/૨૦૨૪ ના દિવસે ૬૧ માં વર્ષ માં પ્રવેશ કરી રહ્યા છે. ૧૯૯૮ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શ્રી શારદાગ્રામ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવેલ તથા માંગરોળ જેવા દરિયાઈ કાંઠાના વિસ્તારોમાં અંગ્રેજી ભાષાના પ્રચાર તથા પ્રસાર માટે ખુબજ મહત્વનું યોગદાન આપ્યું હતું. તે માટે તેઓએ સ્વ. પ્રો. એમ. જી. મચ્છરના અધ્યક્ષપદે વિલિયમ શેક્સપિયર સોસાયટીની સ્થાપના પણ કરેલી, તથા ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેજમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વિષયમાં ઉત્તમ કારકિર્દી ઘડવા પોતે પ્રેરણાસ્ત્રોત રહેલા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરુ કરનાર પ્રો. ડોડિયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો.ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબજ અલ્પ સમય ગાળો ગુજરાત રાજ્યનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશસ્વી રહ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન ના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ



તરીકેના કાર્યકાળમાં સત્તાધીશો સાથે સીધો સંઘર્ષ કરીને પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાતમાં યુ.જી.સી. ના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી. જૂનાગઢ સ્વામિનારાયણ ગુરુકુલ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો. જયદિપસિંહ ડોડિયાને તેમના જન્મદિવસે રાજકોટ ગુરુકુલથી પરમ પૂજ્ય ગુરુવર્ય સદગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી તથા મહંત સ્વામી દેવપ્રસાદદાસજી સ્વામી તથા જૂનાગઢ ગુરુકુલથી સદગુરુ સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામી અને સર્વે સંતોએ આશીર્વાદ પાઠવ્યા છે. પ્રો. જયદિપસિંહ ડોડિયાના જન્મદિવસે તેમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. કમલસિંહ ડોડિયા, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી-ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ,ઉદયસિંહ રામભાઈ ઝાલા દીપસિંહ રામભાઈ ઝાલા, કે. ડી. વૈંશ, સગાભાઈ રાણાભાઈ બારડ ,રમેશભાઈ કે. સાકરીયા, તથા જાણીતા યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડીયા સહિતના અનેક શુભેચ્છકો, શિક્ષણવિદો અને સામાજિક સંસ્થાના અગ્રણીઓએ પ્રો. જયદીપસિંહ ડોડિયાને (મો.૯૬૮૭૬૯૨૯૫૦) અઢળક શુભેચ્છાઓ પાઠવી છે.

# નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં યોજાઈ

## યુવાધનને નશીલા પદાર્થોના સેવનથી દૂર રાખવા પ્રિવેન્શન પર ભાર મુકતા પોલીસ કમિશનર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર (નાર્કોડ) ની બેઠક યોજાઈ હતી. જેમાં બ્રજેશકુમારે દેશનું યુવાધન નશીલા પદાર્થોના સેવનથી દૂર રહે તે માટે પ્રિવેશ પર ભાર મૂકી કોલેજના છાત્રોને ડ્રગ્સની આડ અસરો તથા સામાજિક, આર્થિક દુષ્પરિણામો વિષે માહિતગાર કરી જનજાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવા જણાવ્યું હતું. રાજકોટની વિવિધ યુનિવર્સીટીમાંથી પધારેલા પ્રતિનિધિઓને સંબોધતા પોલીસ કમિશનરએ કહ્યું હતું કે, કોલેજના કોઈ વિદ્યાર્થી કે ગ્રુપ ગ્રુપ આ પ્રકારે સેવન કરતા જોવા મળે તો તેઓનું યોગ્ય કાઉન્સેલિંગ કરવા અને જરૂર જણાયે પોલીસ વિભાગની મદદ લેવા તેમજ યુનિવર્સીટીમાં વિદ્યાર્થીઓની ઈતર પ્રવૃત્તિ પર ધ્યાન રાખવા ખાસ નોડલ અધિકારી નીમવા સૂચન કર્યું હતું. બજેશકુમારે રાજકોટ શહેરમાં ડ્રગસની બીમારીને પ્રારંભથી ડામી દેવા માટે યુનિવર્સીટી ઉપરાંત ડ્રગ્સ કંટ્રોલ, એફ.એસ.એલ., મહાનગરપાલિકા, તબીબી સહિતના વિવિધ વિભાગો સંકલનમાં રહી કાર્યક્ષમ બને તે અર્થે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન અંગે ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું કે, એસ.ઓ.જી. દ્વારા ડ્રગ્સ અવેરનેસ પ્રોગ્રામ, ડ્રગ્સ ડિટેક્શન તેમજ ડ્રગસ




એડિક્ટ રિહેબિલીટેશન અને મોનીટરીંગ એમ ત્રિવિધ કાર્યક્રમો વિવિધ સંસ્થાઓના સહયોગથી કરવામાં આવે છે. જનજાગૃતિ અર્થે શાળા કોલેજમાં છેલ્લા ૩ મહિનામાં ૧૪ જેટલા અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યા છે. સાથોસાથ રોડ પર હોર્ડિંગ્સ તેમજ એલ.ઈ.ડી. સ્કીન પર નો ડ્રગસ કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યું છે, તેમજ સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સરનો પણ સહયોગ લેવામાં આવી રહ્યો હોવાનું ડી.સી.પી.એ માહિતી આપતા જણાવ્યું હતું. એસ.ઓ.જી. તેમજ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ ચલાવી શહેરમાં પાન ગલ્લાઓ, બગીચા તેમજ અન્ય સ્થળોએ ચેકીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પાર્થરાજસિંહે વિગતો આપતા જણાવ્યું હતું.

# ગોંડલના મોટીખીલોરીની કોલપરી નદીમાં માતા પિતા સાથે તણાયેલા બાળકનો મૃતદેહ ત્રણ દિવસ બાદ મળ્યો

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ તાલુકા નાં મોટીખીલોરીની કોલપરી નદીનાં કોઝવે પર થી પાણીનાં તિવ્ર પ્રવાહ માં પસાર થઈ રહેલી ઈકો કાર તણાઈ ગયાની ઘટના માં કાર માં સવાર દંપતિ નાં મૃતદેહ મળી આવ્યા બાદ આજે છ વર્ષ નાં બાળક નો મૃતદેહ મળી આવતા ફાયરબ્રિગેડ દ્વારા નદીમાં થી બહાર કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ બાબરા તાલુકાના રાયપર ગામે રહેતા અને ખેતીકામ કરતા જયેશભાઈ પરસોતમભાઈ રાદડીયા તેના પત્નિ સોનલબેન તથા છ વર્ષ નાં પુત્ર ધર્મેશ સાથે ઈકો કાર માં મોટીખીલોરી જઈ રહ્યા હતા.ત્યારે વાસાવડ મોટી ખીલોરી વચ્ચે કોલપરી નદીમાં વરસાદ ને ઘોડાપુર આવ્યા હોય કોઝવે પર બે થી અઢી ફુટ પાણી વહેતા હતા.કોઝવે પસાર થઈ જશે તેવુ વિચારી જયેશભાઈ એ ઈકો કાર કોઝવે પર થી પસાર કરી હતી પણ પાણીનાં તિવ્ર પ્રવાહ માં કાર તણાઈ ને નદીમાં ખાબકી પલવાર માં ડુબી ગઈ હતી. કાર માં બેઠેલા જયેશભાઈ તેના પત્નિ તથા પુત્ર નદીનાં પુર માં લાપતા બન્યા હતા. સવારે પાંચ વાગ્યે બનેલી ઘટના માં ગોંડલ ફાયર બ્રિગેડ નાં તરવૈયાઓ એ નદીમાં થી જયેશભાઈ તથા તેના પત્નિનાં મૃતદેહ ને શોધી કાઢી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. જ્યારે ધર્મેશ નો કોઈ પતો લાગ્યો ના હતો.

દરમિયાન આજે સવારે બનાવ નાં ત્રણ દિવસે કોઝવે થી અડધો કી.મી.દુર નદીમાં ધર્મેશ નો મૃતદેહ મળી આવ્યો હતો.



જયેશભાઈ પરીવાર સાથે ભેંસાણ પાસેના કરીયા ગામે સગાનાં ઘરે પાણીઢોળ હોય જઈ રહ્યા હતા.વચ્ચમાં મોટીખીલોરી રહેતા તેમનાં સાઢુભાઈ તથા તેમના પત્નિ ને સાથે લઈ જવાના હોય મોટીખીલોરી જઈ રહ્યા હતા.પરંતુ કોઝવે પસાર કરતા પાણીનાં વેગ માં તણાઈ ને મોત ને ભેટયા હતા.

જયેશભાઈ ને સંતાન માં ત્રણ દિકરીઓ તથા એક દિકરો ધર્મેશ હોય ડુબી જવાથી માતા પિતા અને ભાઈ નુ મોત થતા ત્રણેય દિકરીઓ એ માબાપ નું છત્ર ગુમાવ્યુ હતુ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

